# હેમચંદ્રાચાર્યની કાવ્ય હેતુ સંબંધી વિચારણા

**ડૉ. ભાનુભાઇ એમ. પટેલ**
**સંસ્કૃત વિભાગાધ્યક્ષ,**
**ડી. એન. પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા**

**કાવ્યશાસ્ત્રના પ્રમુખ ઘટક તત્ત્વોમાં કાવ્ય હેતુનો સમાવેશ થાય છે. હેમચંદ્રાચાર્યના પૂર્વાચાર્યોએ પણ પોતાના સાહિત્ય શાસ્ત્ર વિષયક ગ્રંથોમાં કાવ્ય હેતુઓની ચર્ચા કરી છે. ભારતીય કાવ્ય શાસ્ત્રીઓએ કાવ્યના જનક તત્ત્વોની સંખ્યા પોતપોતાની રીતે બતાવી તેનું વિવરણ કર્યુ. છે. આવા પૂર્વાચાર્યોના ગ્રંથોમાં કાવ્ય હેતુ સંબંધી વિચારણા નીચે મુજબ છે.**

**ભામહે પોતાના ગ્રંથ કાવ્યાલંકાર ૧-૫ માં કાવ્યોત્પત્તિના કારણ તરીકે પ્રતિભાનો સ્વીકાર કર્યો છે.તેઓ પ્રતિભાને કાવ્યોત્પત્તિના અનિવાર્ય કારણ તરીકે ગણાવતાં લખે છે. કે,**

गुरुपदेशादध्येतुं शास्त्रं जडधियोऽप्यलम।
काव्यं तु जायते जातु कस्यचित प्रतिभावतः।। १.५।।

**ભામહ વ્યુત્પત્તિ અને અભ્યાસનો કાવ્ય હેતુ તરીકે સ્પષ્ટ નિર્દેશ કરતા નથી. પણ અન્ય સંદર્ભમાં ઉલ્લેખ કરે છે.**

**આચાર્ય દંડી કાવ્યાદર્શમાં કાવ્ય સંપતિનાં કારણોની ચર્ચા કરે છે. દંડી નૈસર્ગિકી - કુદરતી કે સ્વાભાવિક પ્રતિભા, અત્યંત નિર્મળ જ્ઞાન અને સતત મંડયા રહેવું . એ ત્રણેને ભેગા કરી એક કારણ માને છે.**

नैसर्गिकी च प्रतिभाश्रुतं च बहुनिर्मलम।
अमन्दश्चाभियोऽस्याः कारणं काव्यसंपदः।। १.१०३।।

**અત્રે નોંધવું રહયું કે આચાર્ય મમ્મટ કાવ્યના હેતુઓની ચર્ચામાં શકિત, નિપુણતા અને અભ્યાસ માટ** हेतुः न तु हेतवः **એમ જે કહે છે તેનું વિચાર બીજ દંડીના** कारणम **એવા એકવચનાન્તના પ્રયોગમાં નિહિત છે.**

**આચાર્ય વામન પણ પ્રતિભાને કવિત્વનું બીજ ગણાવી તેની અનિવાર્યતા પર ભાર મુકે છે.**
कवित्वस्य बीजं जन्मान्तरगतसंस्कारविशेषः कश्चित यस्माद बीजं विना काव्यं न निष्पद्यते निष्पन्नं वा अवहासायतनं स्यात **(કાવ્યાલંકાર સૂત્રવૃત્તિ ૧-૧૩-૩)**

**રુદ્રટે શકિત, વ્યુત્પત્તિ અને અભ્યાસ એ ત્રણની ત્રિપુટિને કાવ્યની નિરસતા દૂર કરી સરસ બનાવવામાં કારણભૂત માન્યાં છે.**

तस्याऽसारनिरासात सारग्रहणाच्च चारुणः करणे ।
त्रितयमिदं व्याप्रियते शक्तिर्व्युत्पत्तिरभ्यासः।। **કાવ્યાલંકાર ૧-૧૪**

**રુદ્રટ શકિતને જ પ્રતિભા કહી તેના સહજા અને ઉત્પાધા એવા બે પ્રકાર બતાવે છે. અને તેમાંથી સહજાને વધારે સારી ચઢિયાતી ગણે છે. છંદ,વ્યાકરણ,કલા,લોકસ્થિતિ,પદ અને અર્થના જ્ઞાન વડે યોગ્ય અને અયોગ્યનો જે વિવેક જન્મે છે તેને તેઓ વ્યુત્પત્તિ કહે છે. અને માણસે સજ્જન સુકવિ પાસે નિયમ પૂર્વક રાતદિવસ કાવ્યનો અભ્યાસ કરવો એવું તેઓ માને છે.**

રાજશેખરે કાવ્યમીમાંસામાં કાવ્યોત્પત્તિનાં કારણોની ચર્ચા મતમતાન્તરો આપીને કરી છે. તેઓ શ્યામદેવનો મત આપતાં નોંધે છે કે, - काव्यकर्मणि कवेः समाधिः परं व्याप्रियते इति श्यामदेवः। સમાધિ मनसः एकाग्रता। પછી તે अभ्यासः इति मङ्गलः એમ કહીને મંગલ નામના આચાર્યનો મત ટાંકે છે. અવિચ્છેદ-સતત અનુશીલન એટલે અભ્યાસ. તે સર્વગામી છે. અને કુશળતા લાવે છે. સમાધિ એ આંતર પ્રયત્ન છે જ્યારે અભ્યાસ એ બાહ્ય પ્રયત્ન છે. એ બંને શકિતને પ્રગટાવે છે ત્યારબાદ રાજશેખર કાવ્યહેતુ સંબંધી પોતાનો સ્પષ્ટ મત આપતાં કહે છે - सा केवलं काव्ये हेतुः શકિત એ જ કેવળ કાવ્યનો હેતુ છે. અને શકિતમાંથી જ પ્રતિભા અને વ્યુત્પત્તિ સર્જાય છે. તેમણે પ્રતિભાને કારયિત્રી અને ભાવયિત્રી એમ બે પ્રકારની માની છે.

આચાર્ય મમ્મટ કાવ્યહેતુ તરીકે શકિત,નિપુણતા અને અભ્યાસને ગણાવે છે. તેઓ કાવ્યપ્રકાશના પ્રથમ ઉલ્લાસની કારિકા – ૩ માં લખે છે કે -

शक्तिर्निपुणता लोकशास्त्रकाव्याघ्यवेक्षणात।
काव्यज्ञशिक्षयाभ्यास इति हेतुस्तदुद्भवे।। અર્થાત્

શકિત,લોક-શાસ્ત્ર-કાવ્ય વગેરેના નિરીક્ષણથી આવતી નિપુણતા અને કાવ્યજ્ઞ પાસેથી શિક્ષા દ્વારા કરેલો અભ્યાસ એ કાવ્યની ઉત્પત્તિમાં હેતુ છે. મમ્મટ શકિતને કવિત્વનું બીજ અને વિશષ સંસ્કાર કહી તેની અનિવાર્યતા બતાવે છે. શકિત વિના કાવ્ય સ્ફૂરે નહી અને જો સ્ફૂરે તો તે ઉપહાસને પાત્ર બને છે. ખેડ,ખાતર અને પાણી હોય પણ બીજ ન હોય તો અંકુરનો ઉદ્ભવ થતો નથી. જેમ અંકુરના ઉદ્ભવ માટે બીજની આવશ્યકતા છે તેમ કાવ્યરૂપી અંકુરના ઉદ્ભવાર્થે શકિતરૂપી બીજ આવશ્યક છે. આચાર્ય મમ્મટ નિપુણતા અને અભ્યાસને પણ તેટલાં જ આવશ્યક માને છે. માટે તો તેઓ કાવ્યપ્રકાશમાં આ ત્રણેયને માટે એકવચનનો પ્રયોગ કરે છે.

હેમચંદ્રાચાર્ય કાવ્યાનુશાસનમાં કાવ્ય પ્રયોજનોની ચર્ચા કર્યા બાદ કાવ્યહેતુઓની ચર્ચા प्रतिभास्य हेतुः। થી શરૂ કરે છે.હેમચંદ્ર પ્રતિભાને કાવ્યનું કારણ કહે છે. પ્રતિભા સંબંધી વિચારણા હેમચંદ્રાચાર્ય પૂર્વેના આચાર્યોએ પણ કરેલી છે. આ પ્રતિભા શબ્દ 'भा ' ધાતુ પરથી નિષ્પન્ન થયો છે. भा ધાતુનો અર્થ 'પ્રકાશવુ', 'પ્રકાશમાં આવવું', 'અભિવ્યક્ત થવુ' એવો થાય છે.આ ઉપરાંત 'મન સમક્ષ વ્યકત થવું ', 'વિચારનો ઝબકારો થવો', 'સ્પષ્ટ થવું ', 'સ્ફુરવું ' વગેરે અર્થો પણ થાય છે. ડાૅ.ગૌતમ પટેલ સાહિત્યશાસ્ત્રમાં 'પ્રતિભા' શબ્દ માટે જે પારિભાષિક અર્થ પ્રાપ્ત થયો છે તેનું બીજ બૌધ્ધ ગ્રંથોમાં તપાસે છે. તેઓ પોતાના સંશોધન લેખમાં અંગનિકાય નામક ગ્રંથ ( ૩-૨૩૯) માં નિર્દિષ્ટ પ્રસંગને નોંધે છે. જેમાં વૈશાલીનો એક બ્રાહ્મણ અન્ય અનેક વ્યકિતઓ સાથે ભગવાન બુધ્ધના દર્શન કરવા જાય છે. બુધ્ધનું દર્શન થતાં તેને આંતર પ્રેરણા કે સ્ફુરણા થાય છે, તે કહે છે प्रतिभाति मां भगवन हे ભગવન્ મને અંતરમાં પ્રકાશ થાય છે. અને બુધ્ધ તેને કહે છે 'થવા દે' પછી તે બુધ્ધની સ્તુતિનો ધોધ વહાવે છે. અહીં વપરાયેલ प्रतिभाति શબ્દ એ સાહિત્યશાસ્ત્રના 'પ્રતિભા' ની ઘણો નજીક છે.

હેમચંદ્રાચાર્ય પ્રતિભા ને જ કાવ્યોત્પત્તિના કારણ તરીકે સ્વીકારતા હોઇ તેની વિગતે વાત કરે છે. प्रतिभा नवनवोल्लेखशालिनी प्रज्ञा । અર્થાત્ નવનવીન નિરૂપણથી શોભતી પ્રજ્ઞા એટલે પ્રતિભા . તેમને મતે વ્યુત્પત્તિ (વિદ્વત્તા) અને અભ્યાસ એ પ્રતિભાના જ સંસ્કાર છે. આ પ્રતિભા બે પ્રકારની છે . (૧) સહજા પ્રતિભા અને (૨) ઔપાધિકી (બાહ્ય કારણોથી સર્જાતી) પ્રતિભા.

સહજા પ્રતિભાને સમજાવતાં હેમચંદ્રાચાર્ય લખે છે सावरणक्षयोपशममात्रात सहजा ।। ५ ।। અર્થાત્ કેવળ આવરણ ક્ષય અને ઉપશમ (પ્રતિબંધ) દ્વારા ઉદ્ભવતી પ્રતિભા તે સહજા પ્રતિભા છે. સહજા પ્રતિભાની વિસ્તૃત ચર્ચા વૃતિમાં કરતાં નોંધે છે

કે - સૂર્યની જેમ પ્રકાશ સ્વભાવવાળા આત્માને વાદળોના સમૂહની જેમ જ્ઞાનાવરણીય (જ્ઞાન ને ઢાંકી દેનાર વિગત) વગેરે તે આવરણ છે. ઉદય પામેલા આવરણનો ક્ષય થતા અને અનુદિત અવસ્થામાં તેનું શમન થતાં , જે પ્રકાશનો આવિર્ભાવ થાય છે તે સહજા પ્રતિભા છે.

સૂત્ર ૬ માં ઔપાધિકી પ્રતિભાની સમજ મૂકી છે . मन्त्रादेरौपाधिकी ।। ६ ।। અર્થાત્ મંત્ર વગેરે થી ઉત્પન્ન થતી તે ઔપાધિકી પ્રતિભા છે એ ઔપાધિકી પ્રતિભાને સમજાવતાં હેમચંદ્રાચાર્ય વૃતિમાં લખે છે કે મંત્ર, દેવતા વગેરેની કૃપાથી જન્મે તે ઔપાધિકી પ્રતિભા કહેવાય છે આ પણ આવરણના ક્ષય તથા ઉપશમને લીધે જન્મે છે. પરંતુ જણાઇ આવતી એવી ઉપાધિ (સાધન) નું નિબંધન હોવાને લીધે તે ઔપાધિકી કહેવાય છે.હેમચંદ્રાચાર્ય આ બંને પ્રકારની પ્રતિભાને જ કાવ્યોત્પત્તિના જનક તત્વ તરીકે સ્વીકારે છે.

હેમચંદ્રાચાર્ય વ્યુત્પતિ અને અભ્યાસનો કાવ્યના સ્વતંત્ર હેતુ તરીકે સ્વીકાર કરતા નથી પણ આ બંનેને બંને પ્રકારની પ્રતિભાના સંસ્કાર્ય - પરિમાર્જન કરવા માટે ઉપકારક ગણાવે છે તેમના મતે પ્રતિભા વગરના મનુષ્યનાં વ્યુત્પત્તિ અને અભ્યાસ નિષ્ફળ જતા હોય છે આવું સ્પષ્ટ માનતા હોવા છતા હેમચંદ્રાચાર્ય કાવ્યાનુશાસનમાં વ્યુત્પત્તિ અને અભ્યાસની વિગતે ચર્ચા કરે છે . જો કે તેમની આ ચર્ચા ઉપર આચાર્ય મમ્મટનો સ્પષ્ટ પ્રભાવ છે.

लोकशास्त्रकाव्येषु निपुणता व्युत्पत्तिः ।। ८।। અર્થાત્

લોક, શાસ્ત્ર અને કાવ્યમાં નિપુણતા એ વ્યુત્પત્તિ છે આ સૂત્રમાં નિર્દિષ્ટ લોક, શાસ્ત્ર અને કાવ્યની વિગતે ચર્ચા વૃત્તિમાં કરી છે .

લોકમાં એટલે કે સ્થાવર અને જંગમ સ્વરૂપના લોક વ્યવહારમાં

શાસ્ત્રમાં એટલે વ્યાકરણ, પિંગળ (છંદશાસ્ત્ર), શબ્દકોશ, વેદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ, આગમ, તર્કશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નાટયશાસ્ત્ર, કામશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વગેરે ગ્રંથોમાં કાવ્યોમાં એટલે મહાકવિઓએ રચેલાં કાવ્યોમાં નિપુણતા. અર્થાત્ તેનું તત્વ જાણવું તે થઇ વ્યુત્પત્તિ. હેમચંદ્રાચાર્યે વ્યુત્પતિ માટે આવશ્યક લોક,શાસ્ત્ર,કાવ્યોની વ્યાખ્યા અને તેનાં ઉદાહરણોની વિસ્તૃત ચર્ચા વિવેકમાં કરી છે. તેમણે કવિતાના સર્જનમાં શાસ્ત્ર કઇ રીતે ઉપકારક છે તે પણ દર્શાવ્યું છે. કાવ્યાનુશાસનમાં વ્યુત્પત્તિને સમજાવતાં તેની વૃત્તિમાં પ્રયોજેલ आगम શબ્દ એ હેમચંદ્રનો પોતાનો છે. જે મમ્મટના કાવ્યપ્રકાશમાં નથી. હેમચંદ્રાચાર્ય જૈન હોવાથી તેમણે આ આગમ શબ્દ ઉમેર્યો હોય તેવું અનુમાન કરી શકાય.

કાવ્ય કરવાનું જેઓ જાણે છે અથવા કાવ્યત્વને જેઓ વિચારે છે તેઓ કાવ્યના જાણનારા (કાવ્યવિદ્) કવિઓ અને સહૃદયો દ્વારા કાવ્ય (કાવ્ય રચવામાં) કરવામાં આવતી વારંવારની પ્રવૃત્તિને હેમચંદ્રાચાર્ય અભ્યાસ કહે છે. काव्यविच्छिक्षया पुनः पुनः प्रवृत्तिरभ्यासः। તેમને મતે અભ્યાસ વડે પરિષ્કૃત થયેલ પ્રતિભા કાવ્યામૃત આપતી કામધેનુ બને છે. આના સમર્થનમાં તેઓ વામનના કાવ્યાલંકાર સૂત્રવૃત્તિ ૧-૩નું ઉદાહરણ આપતાં લખે છે કે 'અભ્યાસ જ કર્મમાં કૌશલ લાવે છે. માત્ર એક જ વાર પડેલ પાણીનું ટીંપું પત્થરમાં ખાડો પાડતું નથી'

આચાર્ય મમ્મટ અભ્યાસની ચચા पौनः पुन्येन प्रवृत्तिः। એટલું કહી છોડી દે છે પણ હેમચંદ્રાચાર્ય અભ્યાસની પરિભાષામાં જે 'શિક્ષયા'શબ્દ મૂકયો છે તેને વિગતે ઉદાહરણ દ્વારા સમજાવે પણ છે. તેઓને મતે શિક્ષયા માંથી 'શિક્ષા'અર્થાત્ તાલીમ લક્ષિત થાય છે.

सतोप्यनिबन्धोऽसतोऽपि निबन्धो नियमश्छायाद्युपजीवनादयश्च शिक्षाः।।१०।। અર્થાત્ અસ્તિત્વ વાળી વસ્તુનું પણ નિરૂપણ ન કરવું, અસ્તિત્વ ન ધરાવતી વસ્તુનું પણ નિરૂપણ કરવું (સર્વત્ર પ્રાપ્ત થતી વસ્તુ અમુક જ ક્ષેત્રને વિશે હોવા અંગેનો) નિયમ,છાયા વગેરેનું ગ્રહણ (તેની સમજ) તે શિક્ષા (= તાલીમ) છે.

હેમચંદ્રાચાર્યના કાવ્યવિદોના શિક્ષણ / શિક્ષા દ્વારા કાવ્યાભ્યાસને ડૉ. તપસ્વી નાન્દી સરસ રીતે સમજાવે છે. તેમના જ શબ્દોમાં લખીએ તો सतोऽप्यनिबन्धः असतो निबन्धः એ થયો નિયમ; छायाद्युपजीवनादयश्च शिक्षाः એટલે 'શિક્ષા' અર્થાત્ કુદરતમાં હોવા છતાં વસ્તુનું નિરૂપણ ન કરવું, ન હોવા છતાં કરવું, અમુક જ સ્થળ, સમયે અચૂક વિગતનું નિરૂપણ કરવું, છાયા અને ઉપજીવન વગેરે અંગે માહિતી તે થયું શિક્ષણ. છાયા એટલે એક કવિની કૃતિનું બીજા કવિની કૃતિ સાથે સામ્ય જે બિંબ-પ્રતિબિંબ જેવું, ચિત્રમાં દોરેલી આકૃતિ જેવું આલેખ્ય પ્રખ્ય, બે સરખી આકૃતિવાળા મનુષ્યો જેવું તુલ્ય દેહિતુલ્ય; કે પારકા નગરમાં કરાતા પ્રવેશ જેવું - પરપુરપ્રવેશપ્રતિમ, હોઇ શકે. આ અનુગામી કવિએ પુરોગામી કવિ ઉપર રાખેલા આધારરૂપ 'ઉપજીવન' છે. પારકાની કવિતાની છાયા કહેતાં શોભાનો આશ્રય લઇને પોતાની રચના કરવી તે 'આદિ' શબ્દ સૂત્રમાં પ્રયોજાયો છે તે દ્વારા પદ, પાદ (શ્લોકનું ચરણ) વગેરે સંબંધી બીજા કાવ્ય વિશેનું 'ઉપજીવન' જાણવું વળી 'આદિ' દ્વારા સમસ્યાપૂરણ વગેરે રૂપ પ્રવૃત્તિ પણ 'શિક્ષા'નો ભાગ બને છે

હેમચંદ્રાચાર્ય વાસ્તવિક (અસ્તિત્વમાં) હોવા છતાં કોનું નિરૂપણ ન કરવું અને વાસ્તવિક (અસ્તિત્વમાં) ન હોવા છતાં કોનું નિરૂપણ કરવું તે જાતિ, દ્રવ્ય, ગુણ, ક્રિયાના સંદર્ભમાં ઉદાહરણો આપીને સ્પષ્ટ કરે છે. જેને કોષ્ટકમાં આ મુજબ દર્શાવી શકાય.

| ઉદાહરણ | વાસ્તવિક હોવા છતાં નિરૂપણ ન કરવું | વાસ્તવિક ન હોવા છતાં નિરૂપણ કરવું |
|---|---|---|
| જાતિ | વસંતમાં માલતીનું, ચંદનના વૃક્ષોમાં ફૂલો અને ફળનું તથા અશોક વૃક્ષમાં ફળનું | નદીઓમાં પદ્મ,નીલકમળ વગેરેનું, દરેક જળાશયમાં હંસ વગેરેનું તથા પર્વત ઉપર ઠેરઠેર સુવર્ણ રત્ન વગેરેનું નિરૂપણ કરવું તે |
| દ્રવ્ય | કૃષ્ણપક્ષમાં ચાંદનીનું, શુક્લપક્ષમાં અંધકારનું | અંધકાર વિશે- તેને મુઠીમાં પકડી શકાય કે સોંય દ્વારા છેદી શકાય તેવું વર્ણન, કે ચાંદનીમાં તેને ઘડામાં ભરીને લઇ જવાય તેવું નિરૂપણ |
| ગુણ | કુન્દ પુષ્પની કળીઓ અને કામીદન્ત પુષ્પોની લાલાશનું,કમળની કળીઓ વગેરે હરિત વર્ણત્વ તથા પ્રિયંગુલતાના પુષ્પોનું પીળાપણું | યશ-હાસ્ય વગેરેની શુક્લતાનું, અપયશ-પાપ વગેરેની કાળાશ તથા ક્રોધ અને પ્રેમની લાલાશનું વર્ણન |
| ક્રિયા | દિવસે નીલકમળના વિકાસનું તથા રાત્રિને કારણે પારિજાતના પુષ્પો ખરી પડવાનું | ચકોર પક્ષીના વર્ણનમાં તે ચાંદનીનું પાન કરે છે તે, તથા ચકવાક યુગલના વર્ણનમાં તેઓ રાત્રે અલગ-અલગ તટનો આશ્રય લે છે તે |

આ ઉપરાંત તેઓ નિયમનો અર્થ કવિ સમય કરી તેનાં ઉદાહરણો પણ આપે છે. પરંતું આપણે વિસ્તાર ભયથી તેનો ઉલ્લેખ અત્રે કરતા નથી.

હેમચંદ્રાચાર્યની કાવ્યહેતુ સંબંધી સમગ્ર વિચારણાનું અવલોકન કરતાં કેટલાક નિષ્કર્ષ તારવી શકાય તેમ છે.

૧. હેમચંદ્રાચાર્ય તેમના પૂર્વ કાવ્યશાસ્ત્રીઓ જેવા કે ભામહ, દંડી, રુદ્રટ, મમ્મટ વગેરેને દષ્ટિપથ પર રાખી કાવ્યના જનક તત્વોની ચર્ચા કરી છે.
૨. આચાર્ય દંડી, રુદ્રટ અને મમ્મટ પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસને કાવ્ય હેતુ તરીકે સ્વીકારે છે. જ્યારે હેમચંદ્રાચાર્ય માત્ર પ્રતિભાનો જ હેતુ તરીકે સ્વીકાર કરે છે.
૩. વ્યુત્પત્તિ અને અભ્યાસને હેમચંદ્રાચાર્ય સ્વતંત્ર હેતુ તરીકે ન સ્વીકારતાં પ્રતિભાને સંસ્કાર્ય-પરિમાર્જન કરવા માટે ઉપકારક ગણે છે.
૪. કાવ્યમીમાંસામાં રાજશેખરે પ્રતિભાના કારયિત્રી પ્રતિભા અને ભાવયિત્રી પ્રતિભા એવા વિભાગો કર્યા છે. તેની ચર્ચા હેમચંદ્રાચાર્યે કરી નથી.
૫. હેમચંદ્રાચાર્ય સહજા અને ઔપાધિકી એવા પ્રતિભાના પ્રકારો ગણાવી મંત્રાદિ કે દેવની કૃપાને ઔપાધિકી પ્રતિભા માટે કારણભૂત માની છે તેનો જગન્નાથ જેવા વિદ્વાનોએ પણ સ્વીકાર કર્યો છે.

## સંદર્ભ સાહિત્ય સૂચિ

૧. કાવ્યાનુશાસન – હેમચંદ્રાચાર્ય
૨. કાવ્યાલંકાર – ભામહ
૩. કાવ્યપ્રકાશ – મમ્મટ
૪. કાવ્યમીમાંસા – રાજશેખર
૫. કાવ્યાલંકાર – રુદ્રટ
૬. કાવ્યાલંકારસૂત્રવૃત્તિ – વામન
૭. હેમવાઙ્મય વિમર્શ - તપસ્વી નાન્દી, રાજેન્દ્ર નાણાવટી